# Media Coverage Year 2016 to 2021

# Institute of Leadership and Governance

**Trivenidevi Kashinath Agrawal Management Development Centre, Opposite Faculty of Management Studies, Maharaja Pratapsinh Rao Parisar, Near Fatehgunj Post Office, Vadodara, Gujarat - 390 002.**

**E-mail:** ilg@msubaroda.ac.in
**Website:** www.msubaroda.ac.in/ilg

# Year 2012

દિવ્ય ભાસ્કર

## મ.સ.યુનિ. ખાતે ત્રણ દિવસીય નેશનલ યૂથ કોન્ફરન્સ યોજાશે

# શહેરમાં પ્રજાસત્તાક દિનથી સામાજિક અને રાજકીય બદલાવનો પાયો નંખાશે



- જાણીતી હસ્તીઓ અને વિવિધ યુનિ.નાં વિદ્યાર્થીઓ 300 જેટલા પેપર રજૂ કરશે
- તારીખ 26થી 28 જાન્યુઆરીના રોજ કોન્ફરન્સ યોજાશે

ભાસ્કર ન્યૂઝ. વડોદરા

મ.સ.યુનિ. દ્વારા તારીખ ૨૬થી ૨૮ જાન્યુઆરી દરમિયાન યુનિ.ના સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે ત્રણ દિવસીય નેશનલ યૂથ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત અનેક હસ્તીઓ સહિત દેશભરની યુનિ.નાં ૩૦૦ જેટલાં વિદ્યાર્થીઓ ભાગ લેશે.

મ.સ.યુનિ. દ્વારા 'યુગાંતર... કારણ નહીં નિરાકરણ' અંતર્ગત યોજાનાર યૂથ કોન્ફરન્સ સર સયાજીરાવ મહારાજની ૧૫૦મી જન્મ જયંતી વર્ષની ઉજવણીના ભાગ રૂપે યોજાનાર છે. આ કોન્ફરન્સનો મુખ્ય હેતુ ભારતમાં સામાજિક અને રાજકીય પરિસ્થિતિમાં આવતા બદલાવ અંગે યુવાનોના વિચારો જાણવાનો છે. જેમાં આમંત્રિતોના વક્તવ્ય ઉપરાંત કેટલાંક ઇન્ટરેક્ટિવ સેશન્સ અને પેપર પણ રજૂ કરવામાં આવશે. આ કોન્ફરન્સ અંતર્ગત ડૉ. સુબ્રમણિયમ્ સ્વામી, ડૉ. સુભાષ કશ્યપ, ચંદન મિત્રા, ડૉ. દેવી સિંગ, રામ માધવન, ભૈયુજી મહારાજ ઉપરાંત અનેક મહાનુભવો ઉપસ્થિત રહેશે.

આ અંગે વાત કરતાં મ.સ.યુનિના વા.ચા. ડૉ. યોગેશ સિંઘે જણાવ્યું કે, સર સયાજીરાવ મહારાજનું સ્વપ્ન જ એ હતું કે ભારતના યુવાનોને શિક્ષિત કરી તેમની એનર્જીને ચેનલાઇઝ કરવી. તેમના આ સ્વપ્નના એક ભાગ રૂપે અમે આ કોન્ફરન્સનું આયોજન કર્યું છે. જે અંતર્ગત અનેક વિષયો પર ચર્ચા થશે. કોન્ફરન્સ અંતર્ગત ૨૭મી જાન્યુઆરીના રોજ જાણીતા બોલીવુડ અભિનેતા મનોજ જોષી અભિનિત ચાણક્ય નાટકનું મંચન પણ કરવામાં આવશે.

### આ યુવા પ્રતિભાઓનું સન્માન કરાશે

**બિના કાલિન્દી**

પશ્ચિમ બંગાળના નાનકડા ગામ પુરુલિયા ખાતે રહેતી બિનાએ 14 વર્ષની ઉંમરમાં જ બાળ વિવાહનો વિરોધ કરી તે અંગે ગામમાં જાગૃતિ ફેલાવી. હવે તે દરેક ઘરમાં જઇ વાલીઓને સમજાવે છે. અને પોતાના ગામથી હવે તે રાજ્યમાં આ વિષયની જાગૃતિ લાવવા કામ કરી રહી છે.

**નીલશ ગાઓંનકર**

24 વર્ષિય નીલેશે ગોવાના ગ્રામ્ય વિસ્તારમાં માઇનિંગ માફિયાઓને પડકાર આપી તેમના વિરુદ્ધ પુરાવા ભેગા કરી ગોવાની કોર્ટના દરવાજા ખખડાવી 1500 ગામડાંઓમાં પાણી પહોંચતુ કરાવ્યું. આ કામમાં અનેક ધમકીઓ છતાં નીલેશે નિડરતાથી આ માફિયાઓનો સામનો કર્યો.

**ડૉ. નીલમ યાદવ :** એગ્રિકલ્ચર ડિપાર્ટમેન્ટમાં લેક્ચરરની ફરજ બજાવનાર ડૉ. નીલમ ખેતી ક્ષેત્રે ઉમદા કામગીરી કરી રહ્યાં છે

**રાજેશ ભાટ સુધ્યા**

27 વર્ષની ઉંમરે મલ્ટિ નેશનલ કંપનીની નોકરી છોડી લોકોને બીપીઓની તાલીમ આપવાની શરૂઆત કરી. ગ્રામ્ય વિસ્તારના લોકોને એમએનસીમાં સારી નોકરી મળે તે માટે કાર્યરત છે.

**હિમાંશુ પટેલ**

સાબરકાંઠાના પુનસરી ગામનો 23 વર્ષિય સરપંચ હિમાંશુ પટેલ આજના નેતાઓ માટે ઉત્તમ ઉદાહરણ છે. જેણે પોતાના નાનકડા ગામમાં પાકા રસ્તાથી માંડીને પાણી અને બસ સુવિધા પણ કરી આપી છે.

**ભાનવર માલવિયા :** 18 વર્ષિય ભાનવરે દેશના વિકાસમાં મદદરૂપ થવા અનેક રિસર્ચ પ્રોજેક્ટ તૈયાર કર્યા છે.

**સંદીપ મનોહર દેસાઇ**

પૂર્વ મરીન એન્જિનિયર અને હાલમાં મુંબઇની જાણીતી કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવનાર સંદીપ મુંબઇની લોકલ ટ્રેનમાં મુસાફરી કરી અન્ય મુસાફરો પાસેથી પૈસા ઉઘરાવી ગરીબ વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદ કરે છે.

**અનિલ જોષી**

તબીબ તરીકે મધ્યપ્રદેશના ગામોમાં દર્દીઓનો ઇલાજ કરતાં ડૉ. અનિલને ખ્યાલ આવ્યો કે સ્વચ્છ પાણીના અભાવે રોગો ફેલાઇ રહ્યા છે. ત્યારે તેમણે દરેક ગામમાંથી એક એક રૂપિયો ઉઘરાવી લેન્ડસ્કેપ તૈયાર કર્યો.

**ડૉ. આલોક ભાર્ગવ :** એક તબીબ જેણે રાજકારણમાં ઉમદા સ્થાન મેળવ્યું છે.

**સિસવા** ગ્રામ પંચાયતમાં ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓ.

**January 18, 2012,**
**Divya Bhaskar News Paper, Yugaantar-2012**

## Year 2016



# બે નોટનું ચલણ બંધ થવાથી દેશવિરોધી પ્રવૃત્તિઓ અટકશે

## MSUમાં નિરવ મજમુદારનું લેક્ચર યોજાયું

સિટી રિપોર્ટર @cbvadodara

500 અને 1000 ચલણની નોટ બંધ થતા દેશમાં કોને ફાયદો થશે અને કોનું નુકસાન થશે તેના વિષય પર એમ.એસ. યુનિવર્સિટીની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લિડરશિપ એન્ડ ગવર્નન્સ દ્વારા જાણીતા ટ્રેનર નિરવ મજમુદારની ટોક યોજાઇ હતી. તેમણે જણાવ્યું હતું કે, 'આ નિર્ણયથી ઓવરઓલ જોવા જઇએ તો તમામ પ્રમાણિક દેશવાસીઓનો ફાયદો છે અને દેશ વિરોધી પ્રવૃત્તિનો સફાયો થશે. આ નિર્ણયથી તકલીફ થશે તેની પરવાહ કર્યા વગર દેશહિતમાં લેવાયેલો આ નિર્ણય છે. આ નિર્ણય રાતોરાત નથી લેવાયો. પહેલાં આધાર કાર્ડ અપાયા બેંક્સમાં ઝીરો બેલેન્સથી ખાતા ખોલાવ્યાં બાદમાં કાળું નાંણુ જાહેર કરવા માટે સ્કિમ્સ મૂકાઇ અને ચોક્કસ સમય જ્યારે તહેવારો સમાપ્ત થયા, બજારની ખરીદીઓ શુષ્ક હોય ત્યારે પ્રતિબંધ લદાયો જેથી ઓછામાં ઓછી સમસ્યા લોકોને થાય. આગામી થોડો સમય તકલીફ રહેશે પરંતુ દેશને લાંબાગાળાનો ફાયદો થશે.

### ફેક કરન્સી અટકી છે તેથી શાંતિ સ્થપાઇ છે

કાશ્મીરમાં છેલ્લાં કેટલાક સમયથી જે પ્રવૃત્તિઓ ચાલતી હતી. તેમાં છેલ્લાં 10 દિવસથી શાંતી જોવા મળી છે. ઇશારો એ જ છે કે આ કામ પૈસા આપીને કરાવવામાં આવતું હતું. મોટી માત્રામાં આવતી ડુપ્લિકેટ કરન્સી આ નિર્ણયથી ફેક કરન્સી અટકી ગઇ છે. તેથી મુખ્ય ઉદેશ્ય સિધ્ધ થયો છે.

### તમામ બેંક્સ માટે આ ઘણી મોટી તક છે

જ્યારે વેપારીની પાસે સામેથી ગ્રાહક આવે ત્યારે અડધો ધંધો ત્યાં જ થઇ જાય છે. તેવી જ રીતે બેંક્સ પાસે સામેથી કસ્ટમર આવી રહ્યાં છે ત્યારે આ બેંક્સ માટે મોટી તક છે. બેંક્સ આવનારા લોકોને બેસ્ટ સર્વિસીસ આપીને તેમને પોતાના કાયમી ગ્રાહક બનાવી શકે છે.

**November 18, 2016, Divya Bhaskar**
**Navi Note  Kone Faydo, Kone Khot**



ઇન્સ્ટિટ્યુટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સનો કોર્સ 25 નવેમ્બરથી શરૂ થશે

# MSU માં પ્રથમ વખત વિદ્યાર્થીઓ મોબાઇલ એપ દ્વારા ફી ભરી શકશે

### રામાયણ-મહાભારતનો સર્ટિફિકેટ કોર્સ શરૂ થશે

**November 19, 2016, Divya Bhaskar**
**Ramayana and Mahabharat**

## Year 2017



સિટી એન્કર

દલાઇ લામાની 82મી વર્ષગાંઠ ઉજવવા ટૉક યોજાઇ હતી

એમ.એસ.યુનિવર્સિટીની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ ખાતે 'દલાઇ લામા ઇન ટુડે વર્લ્ડ' વિશે યેસી દાવાની ટોક યોજાઇ

# દલાઇ લામાએ સદૈવ માનવીની પ્રાથમિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખી આપ્યું છે

Life Learning

## સ્પીકર યેસી દાવાએ સ્ટુડન્ટ્સને દલાઇ લામાનાં કાર્યો અને જીવનમૂલ્યો અંગે જ્ઞાન આપ્યું હતું

સિટી રિપોર્ટર | વડોદરા

દલાઇ લામાએ પોતાના જીવન દરમિયાન લોકોને સંદેશ આપ્યો છે કે, જીવન પોતા માટે નહી પરંતુ બીજા માટે જીવી લોકોની મદદ કરતા રહેવું જોઇએ. દલાઇ લામાએ હંમેશા લોકોની પ્રાથમિક જરૂરીયાતને માન આપ્યું છે. દલાઇ લામા છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં રહે છે. તેથી તેઓ પોતાને 'સન ઓફ ઇન્ડિયા' તરીકે જ ઓળખાવે છે. તેમ દલાઇ લામાની 82મી જન્મવર્ષી ઉજવવા હેતુસર કરાયેલા ટોકના આયોજનમાં ઇન્સ્ટિટ્યુટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ ખાતે 'દલાઇ લામા ઇન ટુડે વર્લ્ડ' ટોકમાં યેસી દાવાએ જણાવ્યું હતું.

### ઘણાં વર્ષોથી દલાઇ લામા ભારતમાં જ રહે છે અને સન ઓફ ઇન્ડિયા તરીકે જ ઓળખાય છે

યેસી દાવાએ ટોકમાં જણાવ્યું હતું કે, દલાઇ લામા છેલ્લા કેટલાક સમયથી ભારતમાં વસવાટ કરે છે. સાથે ભારતીય લોકો સાથે ઘણુ કામ પણ કર્યું છે. દલાઇ લામાએ ભારતીય લોકો સાથે અનેરો લગાવ પણ છે. તેમણે પોતાના જીવનનો મોટાભાગનો સમય ભારતીય લોકો સાથે વિતાવ્યો છે. જેથી તેમને સન ઓફ ઇન્ડિયા તરીકે ઓળખવામાં કોઇ પ્રોબ્લેમ હોઇ શકે નહી. તેઓએ એક ભારતીય તરીકે જ પોતાનું જીવન વ્યતિત કર્યું છે.

### દલાઇ લામાએ હ્યુમન વેલ્યુને સમજી છે

દલાઇ લામા પોતાના અને બીજાનાં જીવનમાં પોઝિટીવીટી શોધતા હતા. કારણ કે, પોઝિટીવીટી શોધવાથી લાઇફમાં હેપ્પીનેસ આવે છે. દરેક વ્યક્તિ પોતાનાં જીવનમાં હેપ્પીનેશની શોધ કરતો હોય છે. દલાઇ લામાએ લોકોને પોઝીટીવીટી તરફ પ્રેર્યાં છે. તેમણે હ્યુમન વેલ્યુને બરોબર રીતે સમજી છે.

### ધર્મ તેના અનુયાયીઓથી ઓળખાય છે

દલાઇ લામાએ જીવનમાં ક્યારે પણ કોઇ ધર્મને નાનો સમજ્યો ન હતો. ધર્મ કોઇ પણ હોય વ્યક્તિની વેલ્યૂ થવી જોઇએ. ધર્મ હંમેશા તેને અનુસરતા વ્યક્તિઓથી ઓળખવામાં આવે છે. દલાઇ લામાએ જીવનમાં હંમેશા વ્યક્તિનાં કામને મહત્ત્વ આપ્યું છે.

### તિબેટિયનો પર ચીની સૈન્ય અત્યાચાર કરે છે

તીબેટ ઇસ્યુ વિશે વાત કરતા સ્પીકર યેસી દાવાએ જણાવ્યું હતું કે, તીબેટનાં લોકો પર ચીન અવારનવાર અત્યાચાર કરે છે. જેનાં કારણે લોકોમાં ચીન પ્રત્યે અસંતોષની છે. ઘણી વખત ચીની સૈન્ય તીબેટની સ્ત્રીઓ પર પણ અત્યાચાર ગુજારે છે. જેથી તીબેટનાં લોકો ચીન સાથે રહેવામાં સહમત થશે નહી.

સ્પીકર યેસી દાવા

**July 07,2017, DivyaBhaskar**



નેશનલ સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ અને ઇનોવેશન સમિટમાં

# એમ.એસ.યુનિવર્સિટીને સ્ટાર્ટઅપ એક્સેલન્સ એવોર્ડ એનાયત કરાયો

October 06, 2017, Start Up Summit



National Summit | સ્ટાર્ટઅપ અને ઇનોવેશનને વેગ આપવા બદલ એવોર્ડ મળ્યો

# સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન સમિટ 2017માં MSUને એવોર્ડ મળ્યો

સેન્ટર ફોર સ્ટાર્ટઅપના કો-ઓર્ડિનેટર દ્વારા એવોર્ડ સ્વીકારાયો

ડો.સુનિલે પેનલ ડિસ્કશન પણ કર્યું

ભૂપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા એક્સેલન્સ એવોર્ડ એનાયત કરાયો.

October 06, 2017, Divya Bhaskar, Start Up Summit



# યુનિ.માં ડો.કલામ યુથ કોન્કલેવનુ આયોજન

October 28, 2017, Kalam Youth Conclave



પૂર્વ રાષ્ટ્રપતિ ડો. કલામની જન્મજયંતિએ

# આવતીકાલે ડો.કલામ કોન્કલેવ-૨૦૧૭ યોજાશે: ૬ પુસ્તકોનું પઠન કરાશે

મ.સ.યુનિ. ઇન્સ્ટીટ્યુટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ તથા વિઝન ઇન્ડીયા ફાઉન્ડેશન દ્વારા આયોજન

October 26, 2017, Gujarat Mitra,
Kalam Youth Conclave



કલામ યુથ કોન્કલેવમાં ડો.કલામનાં 6 પુસ્તક પર એક્સપર્ટ્સ સ્ટુડન્ટ્સ સાથે ચર્ચા કરશે

# ડો.કલામે પુસ્તકોમાં ઉતારેલી યુવાઓ અને દેશ વિશેની મનની વાત કોન્કલેવમાં ચર્ચાશે

Kalam Youth Conclave | ડો.કલામની આત્મકથા, કલામની દ્રષ્ટિએ ભારત, ભારતની સફળતા અને લોકોની સમસ્યાઓ પરનાં પુસ્તકોની ચર્ચા કરી યુવાઓને હાકલ અપાશે : કોન્કલેવમાં પાર્ટિસિપેશન માટે પડાપડી

વિંગ્સ ઓફ ફાયર | ઇન્ડિયા 2020 | સ્પિરિટ ઓફ ઇન્ડિયા | ઇગ્નિટેડ માઇન્ડ્સ | ફોર્જ યોર ફ્યુચર | મિશન ઇન્ડિયા

October 28, 2017 Divya Bhaskar,
Kalam Youth Conclave



# જીવનમાં સતત પ્રેરણા આપે તેવા રોલ મોડલ પસંદ કરો

**■ યુનિ.માં કલામ યૂથ કોન્કલેવ-૨૦૧૭ સેમિનાર યોજાયો**

વડોદરાઃ દેશના યુવાનોએ યોગ્ય વ્યક્તિને રોલમોડેલ બનાવવો જોઈએ. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના પાંચ રોલ મોડેલ હતા, સમ્રાટ અશોક, મહાત્મા ગાંધી, આઈનસ્ટાઈન, અબ્રાહમ લિંકન તેમજ ઉમર ખલીફા. ડો.અબ્દુલ કલામના મતે યુવાનોએ જીવનમાં સતત પ્રેરણા આપે તેવા રોલમોડેલ બનાવવા જોઈએ. રોલમોડેલ પાસેથી દેશ અને સમાજના વિકાસ માટેનો માર્ગ શીખવો જોઈએ. દેશ માત્ર સરહદોથી નથી બનતો, પણ લોકોની સુખાકારીથી બને છે. ડો. અબ્દુલ કલામના પુસ્તક ઈગ્નાઈટ માઈન્ડ પર બોલતાં પ્રો. અમિત ધોળકિયા આ ...

કલામનાં છ પુસ્તકો પર વકતાઓએ વિચારો રજૂ કર્યા હતા. પ્રો. અમિત ધોળકિયાએ જણાવ્યું હતું કે, આણંદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં દેશનો સૌથી મોટો દુશ્મન કોણ છે આ વિષય પર એક નાની બાળકી સ્નેહલ ઠક્કરે જણાવ્યું હતું કે, ગરીબી સૌથી મોટો દુશ્મન છે. તમામ બાળકોએ આ વાતનો સ્વીકાર કરતાં ડો.કલામને ભારતના ભવિ પર પુસ્તક લખવાનું મન થતાં ઈગ્નાઈટ માઈન્ડ લખ્યું હતું. ભારતની સમસ્યાઓ પર ધ્યાન દોરતાં ડો. કલામે પાંચ મહત્ત્વના ક્ષેત્રોમાં દેશના યુવાનોને કામ કરવા માટે જણાવ્યું હતું. દેશનું ભાવિ સુધારવા યુવાનોએ ખેતી અને ફૂડ પ્રોસેસ, પાવર, એજ્યુકેશન અને હેલ્થકેર, ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને ડિફેન્સમાં ક્રાંતિકારી સંશોધનો કરવા જણાવ્યું હતું. જ્યારે ફોર્જ યોર ફ્યૂચર પર બોલતાં જીગર ઈનામદારે જણાવ્યું હતું કે, ડો. કલામને ...

**October 30, 2017, Kalam Youth Conclave**



## ડૉ.કલામનાં પુસ્તકો વિશે માર્ગદર્શન અપાયું

# જીવનની મુશ્કેલી માટે પોતાની જાતને જવાબદાર માનવી જોઇએ

**Youth Conclave**

સિટી રિપોર્ટર | વડોદરા

ઇન્સ્ટિટ્યુટ ઓફ લિડરશીપ એન્ડ ગવર્ન્સ અને વિઝન ઇન્ડિયા ફાઉન્ડેશ દ્વારા આયોજીત બીજી કલામ યુથ કોન્કલેવમાં ડૉ.અબ્દુલ કલામે લખેલા 6 પુસ્તક વિશે એક્સપર્ટ્સ દ્વારા યુવાનોને માર્ગદર્શન અપાયું હતું. 'ફોર્ગ યોર ફ્યુચર' પુસ્તક વિશે વાત કરતા સ્પિકર જીગર ઇનામદારે જણાવ્યું હતું કે, ડૉ. કલામ દ્વારા આ પુસ્તકમાં લોકો સાથે ઇમેલથી થયેલ વાતચીતનાં અંશો પ્રકાશિત કરાયાં છે. એક અહેવાલ મુજબ ડૉ.કલામને રોજનાં 300 મેઇલ આવતા હતા. જેમાં લોકો તેમને પોતાના જીવનની મુશ્કેલી વિશેનાં પ્રશ્નો પુછતા હતા. તેમાંથી ડૉ.કલામે 32 પ્રશ્નો પસંદ કરી બૂકમાં પ્રકાશિત કર્યા છે.

**મોટાભાગના યુવાનો પાસે રોલ મોડેલ નથી**

ઇગ્નિટી માઇન્ડ પુસ્તક વિશે વાત કરતા પ્રો. અમિત ધોળકીયાએ જણાવ્યું હતું કે, યુવાનોએ સફળતા મેળવવા પોતાના જીવનમાં કોઇ રોલ મોડેલ બનાવવાં જોઇએ. જેથી તેમની સફળતા દ્વારા પોતાની લાઇફમાં પ્રેરણા મેળવી શકાય. પરંતુ આજે મોટાભાગનાં યુવાનો પાસે કોઇ રોલ મોડેલ જ નથી. તેથી તેમનું જીવન દિશાહીન હોય શકે છે. દેશનાં વિકાસ માટે આધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય અત્યંત જરૂરી છે.

**October 30, 2017, Divya Bhaskar,**
**Kalam Youth Conclave**



## ડૉ. કલામના વિચારોને યુવાઓ સુધી પહોંચાડવા

# આઈએલજી દ્વારા "કલામ યુથ કોન્કલેવ"નું આયોજન કરાયું

**October 30, 2017 Kalam Youth Conclave**



## ડૉ.કલામનાં પુસ્તકો વિશે માર્ગદર્શન અપાયું

# જીવનની મુશ્કેલી માટે પોતાની જાતને જવાબદાર માનવી જોઇએ

**Youth Conclave**

સિટી રિપોર્ટર | વડોદરા

ઇન્સ્ટિટ્યુટ ઓફ લિડરશીપ એન્ડ ગવર્ન્સ અને વિઝન ઇન્ડિયા ફાઉન્ડેશ દ્વારા આયોજીત બીજી કલામ યુથ કોન્કલેવમાં ડૉ.અબ્દુલ કલામે લખેલા 6 પુસ્તક વિશે એક્સપર્ટ્સ દ્વારા યુવાનોને માર્ગદર્શન અપાયું હતું. 'ફોર્ગ યોર ફ્યુચર' પુસ્તક વિશે વાત કરતા સ્પિકર જીગર ઇનામદારે જણાવ્યું હતું કે, ડૉ. કલામ દ્વારા આ પુસ્તકમાં લોકો સાથે ઇમેલથી થયેલ વાતચીતનાં અંશો પ્રકાશિત કરાયાં છે. એક અહેવાલ મુજબ ડૉ.કલામને રોજનાં 300 મેઇલ આવતા હતા. જેમાં લોકો તેમને પોતાના જીવનની મુશ્કેલી વિશેનાં પ્રશ્નો પુછતા હતા. તેમાંથી ડૉ.કલામે 32 પ્રશ્નો પસંદ કરી બૂકમાં પ્રકાશિત કર્યા છે.

**મોટાભાગના યુવાનો પાસે રોલ મોડેલ નથી**

ઇગ્નિટી માઇન્ડ પુસ્તક વિશે વાત કરતા પ્રો. અમિત ધોળકીયાએ જણાવ્યું હતું કે, યુવાનોએ સફળતા મેળવવા પોતાના જીવનમાં કોઇ રોલ મોડેલ બનાવવાં જોઇએ. જેથી તેમની સફળતા દ્વારા પોતાની લાઇફમાં પ્રેરણા મેળવી શકાય. પરંતુ આજે મોટાભાગનાં યુવાનો પાસે કોઇ રોલ મોડેલ જ નથી. તેથી તેમનું જીવન દિશાહીન હોય શકે છે. દેશનાં વિકાસ માટે આધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય અત્યંત જરૂરી છે.

**October 30, 2017, Divya Bhaskar**
**Kalam Youth Conclave**

# જીવનમાં સતત પ્રેરણા આપે તેવા રોલ મોડલ પસંદ કરો

**■ યુનિ.માં કલામ યૂથ કોન્કલેવ-૨૦૧૭ સેમિનાર યોજાયો**

વડોદરાઃ દેશના યુવાનોએ યોગ્ય વ્યક્તિને રોલમોડેલ બનાવવો જોઇએ. પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામના પાંચ રોલ મોડેલ હતા, સમ્રાટ અશોક, મહાત્મા ગાંધી, આઇનસ્ટાઇન, અબ્રાહમ લિંકન તેમજ ઉમર ખલીફા. ડો.અબ્દુલ કલામના મતે યુવાનોએ જીવનમાં સતત પ્રેરણા આપે તેવા રોલમોડેલ બનાવવા જોઇએ. રોલમોડેલ પાસેથી દેશ અને સમાજના વિકાસ માટેનો માર્ગ શીખવો જોઇએ. દેશ માત્ર સરહદોથી નથી બનતો, પણ લોકોની સુખાકારીથી બને છે. ડો. અબ્દુલ કલામના પુસ્તક ઇગ્નાઇટ માઇન્ડ પર બોલતાં પ્રો. અમિત ધોળકિયા આ પ્રમાણે જણાવ્યું હતું. કલામનાં છ પુસ્તકો પર વક્તાઓએ વિચારો રજૂ કર્યા હતા. પ્રો. અમિત ધોળકિયાએ જણાવ્યું હતું કે, આણંદમાં યોજાયેલા એક કાર્યક્રમમાં દેશનો સૌથી મોટો દુશ્મન કોણ છે આ વિષય પર એક નાની બાળકી સ્નેહલ ઠક્કરે જણાવ્યું હતું કે, ગરીબી સૌથી મોટો દુશ્મન છે. તમામ બાળકોએ આ વાતનો સ્વીકાર કરતાં ડો.કલામને ભારતના ભવિ પર પુસ્તક લખવાનું મન થતાં ઇગ્નાઇટ માઇન્ડ લખ્યું હતું. ભારતની સમસ્યાઓ પર ધ્યાન દોરતાં ડો. કલામે પાંચ મહત્વના ક્ષેત્રોમાં દેશના યુવાનોને કામ કરવા માટે જણાવ્યું હતું. દેશનું ભાવિ સુધારવા યુવાનોએ ખેતી અને ફૂડ પ્રોસેસ, પાવર, એજ્યુકેશન અને હેલ્થકેર, ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અને ડિફેન્સમાં ક્રાંતિકારી સંશોધનો કરવા જણાવ્યું હતું. જ્યારે ફોર્ગ યોર ફ્યૂચર પર બોલતાં જીગર ઇનામદારે જણાવ્યું હતું કે, ડો. કલામને

October 30, 2017 Kalam Youth Conclave

**ડો. કલામના વિચારોને યુવાઓ સુધી પહોંચાડવા**

# આઈએલજી દ્વારા "કલામ યુથ કોન્ક્લેવ"નું આયોજન કરાયું

October 30, 2017 Kalam Youth Conclave

## <u>Year 2018</u>

**MSU ILG દ્વારા સતત ત્રીજ વખત આયોજન કરાયું**

# ILG દ્વારા જૂન માસમાં સામાજિક અને રાજકીય ઈન્ટર્નશિપ યોજાશે

**સમગ્ર ભારતમાંથી આવેલી અરજ પૈકી ૨૦ વ્યક્તિની પસંદગી કરાશે**

વડોદરા, તા. ૧૯

એમએસ યુનિ. ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ દ્વારા સતત ત્રીજા વર્ષે સામાજીક અને રાજકીય ઈન્ટર્નશિપનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આગામી જૂન મહિનામાં ઈન્ટર્નશિપમાં જોડાનાર વિદ્યાર્થીઓમાં વ્યક્તિગત શક્તિ નિર્માણ તેમજ રાષ્ટ્ર નિર્માણની ભાવના જગાડવા માટે સંબંધિત વિષયો પર જ્ઞાન આપવામાં આવશે. સમગ્ર મહિના દરમિયાન તજજ્ઞો દ્વારા લેક્ચર, સ્થળ મુલાકાત સહિતના વિષયોને આવરી લેવામાં આવ્યા છે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ દ્વારા છેલ્લા બે વર્ષથી યુવાનોમાં સામાજીક અને રાજકીય સમજણ આપવાના હેતુથી સામાજીક અને રાજકીય ઈન્ટર્નશિપનું આયોજન કરવામાં આવે છે. આગામી તા. ૧લી જૂનથી ૩૦મી જૂન દ્વારા સતત ત્રીજી વખત ઈન્ટર્નશિપનું આયોજન કરવામાં આવ્યું છે. જેની માટે સમગ્ર દેશમાંથી આવેલી અરજીઓ પૈકી માત્ર ૨૦ જેટલા વ્યક્તિની પસંદગી કરવામાં આવશે. જેમાં ભાગ લેનાર વ્યક્તિઓને સામાજીક જવાદબારી અને રાજકીય સમજણ આપવા માટે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, વોઈસ મોડ્યુલેશન પર હરીશ વ્યાસ, સોફ્ટ કૌશલ્ય વિષે આશુ મનચંદા, જાહેર સહભાગમાં માસ મીડિયા વિષે દેવલ શાસ્ત્રી, શિક્ષણ ક્ષેત્રમાં વહિવટી પડકારો વિષે મીનાબા પરમાર, ભારતના રિવોલ્યુશન વિષે પંકજ ખરચિકર, ચૂંટણી અને જનભાગીદારીના સંચાલનમાં પડકારો વિષે આઈએએસ શાલિની અગ્રવાલ, આર્મ્સ વિભાગની કાર્યવાહી વિષે આપીએસ સુભાષ ત્રિવેદી દ્વારા માહિતી આપવામાં આવશે.

**એક મહિનામાં શું જાણકારી આપવામાં આવશે**

કેસ સ્ટડીઝ, ફિલ્ડ ટ્રીપ, સ્ક્રીનીગ, આરટીઆઇ અને આરટીઇ, જનહિત, લેખો, સ્વચં સંરક્ષણ તકનીક, વક્તૃત્વ પ્રવૃતિઓ, લેબર કોર્ટની કાર્યવાહી, ઉભરતા મુદ્દાઓ પર ચર્ચા, ડોક્યુમેન્ટ્રી સ્ક્રીનીગ્સ અને તેનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ, દૈનિક સમાચાર વિશ્લેષણ, વિચાર પરિવર્તન મુવી સ્ક્રીનીગ્સ

May 21, 2018,
Contrybution-2018

# રાષ્ટ્ર નિર્માણ માટે પુખ્ત પ્રતિભાઓના વિકાસાર્થે ઈન્ટર્નશિપ પ્રોગ્રામ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,શનિવાર

દેશના ચુનંદા ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓનું જૂથ સતત ત્રીજી વાર રાષ્ટ્રનિર્માણના કાર્યમાં સક્રિયપણે ભાગ લઈ શકાય એ માટે વ્યક્તિત્વ વિકાસ સાથે જાહેર વ્યવસ્થા- તંત્રોની વિવિધ જોગવાઈઓનો અભ્યાસ, ક્ષેત્ર- મુલાકાતને લગતા એક માસ લાંબા કાર્યક્રમમાં જોડાશે.

## એક માસ લાંબા પ્રોગ્રામ 'કન્ટ્રીબ્યુશન' માં દેશભરના વિદ્યાર્થીઓમાંથી પસંદગી કરાશે

એમ.એસ.યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યુટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ દ્વારા આગામી તા.૧-૩૦ જુન દરમિયાન સભા ત્રીજીવાર યોજાઈ રહેલા સામાજિક - રાજકીય ઈન્ટર્નશીપ- પ્રોગ્રામ- 'કન્ટ્રીબ્યુશન'માં જોડાવા માટે દેશભરમાંથી ઓનલાઈન અરજીઓ મંગાવ્યા પછી અરજદાર- ઈન્ટર્નનો ટેલિફોનિક પર્સનલ ઈન્ટરવ્યું કરાશે. એ પછી જૂથ ચર્ચા યોજાશે. એમાં સફળ રહેલા ૧૫ થી ૨૦ અરજદારે પ્રોગ્રામ માટે પસંદ કરાશે.

પસંદ કરાયેલા ઈન્ટર્ન્સ રોજ સવારે ૯ થી ૪ દરમિયાન યોજાનારા એમના સમગ્રતયા વિકાસ સંબંધી કાર્યક્રમમાં ભાગ લેવાનો રહેશે.

આરટીઆઈ, આરટીઈ, જનહિત સંબંધી મુકદમા, સ્વયંરક્ષણ પધ્ધતિ સંબંધી માહિતી પ્રદાન વ્યાવસાયિક વક્તાઓ સાથેના વિશિષ્ટ કાર્યક્રમ, વક્તૃત્વ પ્રવૃત્તિ અને પ્રવચનો વગેરેનું આયોજન કરાશે. એમને શહેરના પોલીસ મથક એનજીઓની મુલાકાતે લઈ જવાશે. શિક્ષણ ક્ષેત્રના વહીવટી પડકારો, માસ મીડિયાનું મહત્વ ચૂંટણી અને જનભાગીદારોના સંચાલનમાં પડકારો એસઆરપીના આર્મ્ડ વિભાગની કામગીરી, લેબર કોર્ટની કામગીરી વિષે તજજ્ઞો દ્વારા ઈન્ટર્ન્સની માહિતી પૂરી પાડવાના કાર્યક્રમો યોજાશે.

May 21, 2018,
Contrybution-2018

### 1 થી 30 જૂન સુધી યોજાશે કન્ટ્રિબ્યુશન પ્રોગ્રામ

# કન્ટ્રિબ્યુશન ઇન્ટર્નશિપ દ્વારા સ્ટુડન્ટ કન્ટ્રી કિંગ તૈયાર થશે

**Student Internship**

સિટી રિપોર્ટર | વડોદરા

એમ એસ યુનિ.ની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સમાં ડિપ્લોમા ઈન પોલિટિક્સ એન્ડ ગવર્નન્સ અંતર્ગત સામાજિક અને રાજકીય ઇન્ટર્નશિપની ત્રીજી આવૃત્તિ 1જૂનથી 30 જૂન સુધી આયોજિત કરવામાં આવી છે. જે પ્રોગ્રામ અંતર્ગત એક મહિનામાં વિદ્યાર્થી નેતાગીરી કેવી રીતે કરવી, તેમાં પોતાનું ભવિષ્ય કેવી રીતે બનાવવું તે અંગેનો અભ્યાસ શીખવવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત ફિલ્ડ વિઝીટ, ગેસ્ટ લેક્ચર, ડોક્યુમેન્ટરી સિરીઝ, કન્સ્ટ્રક્ટિવ એક્ટિવિટી, એનજીઓ મીટ, ન્યૂઝ એનાલિસિસ અને સોફ્ટ સ્કીલ ટ્રેનિંગ આપી વિદ્યાર્થીઓના વિચારોને વાઈબ્રન્ટ કરવામાં આવે છે. જેમાં રાજ્યભરના વિદ્યાર્થીઓ ભાગ લેશે. એક મહિનાની ઈન્ટર્નશિપ કર્યા બાદ વિદ્યાર્થી પોતાનું છોડી દેશનું વિચારવા લાગે છે. તેના દ્વારા સમાજમાં આમૂલ પરિવર્તન લાવી શકાય તે માટે કટિબદ્ધ થઈ જતો હોય છે. કન્ટ્રિબ્યુશન ઈન્ટર્નશિપ અંતર્ગત કન્ટ્રી કિંગ તૈયાર થશે તેમ આ કોર્સના કન્ટ્રિબ્યુટર નીલ પટેલે જણાવ્યું હતું.

**May 21, 2018, Divya Bhaskar**
**Contrybution-2018**

### લીડરશિપ ઇન્સ્ટિટ્યૂટે ગાંધી ફિલ્મ બતાવી વિદ્યાર્થીઓના વિચાર જાણ્યા

# ગાંધીજીનો સ્વદેશીનો વિચાર એ જ આજની મેક ઇન ઇન્ડિયા પોલિસી છે

**Gandhi Vichar**

સિટી રિપોર્ટર | વડોદરા

MSUની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ ત્રણ વર્ષથી દેશવાસીઓ માટે કન્ટ્રીબ્યુશન નામની 1 મહિનાની ઈન્ટર્નશીપ કરાવાય છે. જે અંતર્ગત આ વખતનો વિષય ટ્રાન્સફર્મિંગ ઈન્ડીયા વિથ પીપલ્સ ચેન્જ છે. જે અંતર્ગત સોફ્ટ સ્કિલ્સ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ અને સોશ્યલ મીડિયાનું મહત્ત્વ સમજાવાશે. જેમાં વિદ્યાર્થીઓને આજે ગાંધી ફિલ્મ બતાવાઇ હતી.



વિદ્યાર્થીઓને ગાંધી ફિલ્મ બતાવ્યા બાદ તેમની પાસે ગાંધીજી જો આજે હોય તો કેવા હોય?, શું સ્થિતિ હોય જેવા વિષયો પર મંતવ્યો લેવામાં આવ્યા હતા. ત્યારે તેમણે જે મંતવ્ય આપ્યાં હતાં તે પૈકીનાં કેટલાંક પ્રસ્તુત છે.

## યુવાનોનો ગાંધી વિચાર / આઝાદીની લડત અંગ્રેજો સામે બદલાવની હતી, બદલાની નહીં

1 હંમેશા સત્ય બોલવું તે સાચીવિચારધારા છે. જેને કારણે ભવિષ્યમાં યુદ્ધ ટળી શકે છે. હિન્દૂ-મુસ્લિમે હંમેશા સાથે રહેવુ જોઇએ, જેથી ભવિષ્યમાં કોઇ પણ સંકટ ટળે.

2 આજનું યુથ થોડું ગરમ લોહીવાળું છે. નાની નાની વાતો પર ઝઘડાઓ કરે છે. રાજનીતિ કે જે ગાંધીજી વખતે થઈ હતી તે હજુ સુધી એમ જ છે. તેમાં કંઈ જ સુધારો ન આવી શકે તેવું મને લાગે છે.

3 ગાંધીજી સ્વદેશી અપનાવવાનું કહેતાં, એટલે તેઓ મેક ઇન ઇન્ડિયામાં માનતા હતા. તેની આપણા પીએમ એ પણ તેના પર વધારે ધ્યાન આપ્યું છે. આપણે પણ ભારતમાં બનેલી વસ્તુ વધારે અપનાવી જોઈએ.

4 સત્યનો માર્ગ જ સાચો માર્ગ છે. જે આજ પણ એટલો જ સાર્થક છે. પોતાના હક માટે લડવું. હા આજે પણ આ વિચાર એટલા જ કારગર રીતે જીવનમાં ઉતારી શકાય.

5 આપણે પોતાના કામ પોતે કરવા, બીજા કામ માટે જ લોકો પર નર્ભર રહેવું, સામેવાળો હિંસા કરે તો એક વાર તેને છોડી દેવો જોઈએ, પરંતુ બીજી વાર કરે તો તેને સુધારવો જ પડે છે.

6 સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ થવાથી દેશની ઇકોનોમીમાં સુધારો થશે. દેશના પૈસા દેશીમાં અને સ્વયમ્ નિર્ભરતા વધારશે. દેશનો બહુ જલ્દી ગ્રોથ થશે. માટે આ નિર્ણય મહત્વનો સાબિત થશે.

7 દરેક વસ્તુઓ ઉંડો અભ્યાસ કરીને પોતાના વિચારો તથા પગલા ભરવા. બધાને એકસમાન માનવું. શાંતિથી દરેક મોટી-મોટી સમસ્યાનો નિર્ણય મળી શકે છે.

8 આપણે વધુ ને વધુ તર્ક કરવા જોઈએ. તર્ક શક્તિથી જ આપણને સાચો માર્ગ મળી શકે છે. આંધળા અનુકરણથી નહીં. જે ગાંધીજી પાસેથી શીખવાની જરૂર છે. અને મંથનથી જ અમૃત નીકળે છે.

9 મોહનદાસ કરમચંદ ગાંધીની લડત અંગ્રેજો સામે હતી પરંતુ પરિવર્તનની લડત હતી. બદલો લેવાની નહીં. તેવી જ રીતે આજના સમયમાં સરકારો આવે છે. જનતા દ્વારા પસંદ કરવામાં આવે છે.

**June 08, 2018, Divya Bhaskar**
**Gandhi Ke Vichar**

# આજથી એમ.એસ.યુ. ખાતે શરૂ થઈ રહેલો સમર સોશિયો પોલિટિકલ ઈન્ટર્નશિપ પ્રોગ્રામ

(પ્રતિનિધિદ્વારા) વડોદરા,ગુરૂવાર

જો દેશના સોશ્યો પોલિટિકલી જાગૃત યુવાનોને એક દિવસ માટે ભારતના વડાપ્રધાન બનાવવામાં આવે તો ગરીબી મીટાવવા, શિક્ષણ પ્રસાર વધારવા તેમજ લોકહિતની નીતિઓના ઝડપી અમલીકરણ માટે એડીચોરીનું જોર લગાવી દેશે.

## એક માસ સુધી યોજાનારા કાર્યક્રમમાં ગુજરાત - રાજસ્થાનના ૨૪ ઈચ્છુકોને સ્થાન

આવી મહેચ્છા એમ.એસ.યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યુટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ ખાતે આવતીકાલ તા.૧ જુનથી એક માસ માટે શરૂ થઈ રહેલા સમર સોશ્યો પોલિટિકલ ઈન્ટર્નશિપ કાર્યક્રમમાં ભાગ લઈ રહેલા ગુજરાત રાજસ્થાનના ૨૪ યુવાન- યુવતીઓને એમના દેશ સંબંધી વિઝન વિષે ઉપરોક્ત પ્રશ્ન પૂછતાં જવાબરૂપે વ્યકત કરાઈ હતી.

કન્ટ્રિબ્યુશન રાષ્ટ્રવિકાસ માટેની ભાવના, ૨૦૧૮ના નામે ઓળખાવાયેલા આ ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં જોડાવા માટે ૧૦૦ કરતા વધુ લોકોના રજિસ્ટ્રેશન આવ્યા હતા. એમના પર્સનલ ઈન્ટરવ્યુ પછી ૧૫ છોકરા અને ૯ છોકરીઓ સહિત ૨૪ ઈચ્છુકોને પસંદ કર્યા છે.

વડોદરાના ૧૩, ભરૂચના ૩, સુરતના ૪, અમદાવાદના ૧ અને રાજસ્થાનના ૩ યુવાન- યુવતીઓ સહિત ૧૮ થી ૩૭ વર્ષનું આ વય જુથ એક માસ માટે અત્રે રોકાશે.

પબ્લિક પાર્ટિશિપેશન ઈન ગવર્નન્સ વિષે યોજાનારા આ ઈન્ટર્નશિપ કાર્યક્રમમાં યુવાનોને આરટીઆઈ, આઈટીઈ તેમજ પીઆઈએલ સહિત કોર્ટમાં કરાતી રીટ, સ્વરક્ષણ ટેકનિક, પોલીસ-કામગીરી, સહકારી સંસ્થાની મુલાકાત તજજ્ઞોના પ્રવચન ચર્ચા વર્કશોપ, કેસસ્ટડીઝ વિગેરે જેવી જોગવાઈઓ, પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના આયોજનનો લાભ અપાશે.

ઈન્ટર્નશિપની આ તૃતિય આવૃત્તિ દ્વારા આયોજક એમ.એસ.યુનિવર્સિટી દેશના જાગૃત યુવાધનને જણાવવા માગે છે કે ચિંતા ફિકરથી માણસ કાર્યમાં સક્રિય થવો જોઈએ, હતાશામાં ઘેરાવો જોઈએ નહિ.

કાર્યક્રમનો પ્રારંભ આવતીકાલે તા.૧ જુને સવારે ૯ વાગ્યે, ઈન્સ્ટિટ્યુટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ ખાતે થશે,

**June 06, 2018, Gujarat Samachar,**
**Contrybution-2018**

city ભાસ્કર
VADODARA SATURDAY, 15/12/2018

**શહીદ કથાનો પ્રારંભ : શહાદતની યાદમાં MSUમાં દિવાલ પેઇન્ટ થશે**

# લોકો શહિદોને ભૂલે નહીં તે માટે ત્રિરંગા સાથે મશાલ યાત્રા કઢાઇ






**Saheed Katha**

**17 હજાર શહિદોનું લિસ્ટ બનાવાયું**

**December 15, 2018, Divya Bhaskar, Shahid Katha**

**મ.સ.યુનિ.માં ૧૧મી જાન્યુ.થી યોજાનાર**

# યુગાંતર યુવા મહોત્સવમાં પૂર્વ વા.ચા. અને પૂર્વ રાષ્ટ્રપતિ સહિત મહાનુભાવો આવશે

**ઇન્સ્ટીટયુટ ઓફ લીડરશીપ** અને ગર્વનન્સ દ્વારા ત્રિદિવસીય મહોત્સવ યોજાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.૭
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના ધી ઇન્સ્ટીટયુટ ઓફ લીડરશીપ એન્ડ ગર્વનન્સ દ્વારા દર વર્ષે આયોજીત યુગાંતરનો (યુથ કોન્ફરન્સ) આગામી તા.૧૧મી જાન્યુઆરીથી પ્રારંભ થશે. આ ત્રિદિવસીય યુવા કોન્ફરન્સમાં પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, પૂર્વ વાઇસ ચાન્સેલર, લોર્ડ ભીખુ પારેખ સહિત અન્ય મહાનુભાવોનોં સમાવેશ થાય છે.

આગામી તા.૧૭મી ડિસેમ્બર સુધી યુગાંતર યુવા મહોત્સવમાં ભાગ લેવા અંગે નોંધણી કરી શકાશે.

ધી ઇન્સ્ટીટયુટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ દ્વારા વર્ષ ૨૦૧૨ થી યુગાંતર યુવા મહોત્સવનો પ્રારંભ કરવામા આવ્યો હતો. સ્વામી વિવેકાનંદની તા.૧૨મી જાન્યુઆરીના રોજ જન્મ જયંતિ ઉજવવામા આવે છે. આથી દર વર્ષે ત્રિદિવસીય યુવા મહોત્સવ યુગાંતરનું આયોજન કરવામા આવી છે.

આગામી તા.૧૧મી જાન્યુઆરી ૨૦૧૮ થી તા.૧૩મી જાન્યુઆરી સુધી આયોજીત ત્રિદિવસીય યુવા મહોત્સવમા મહાનુભાવોને આમંત્રિત કરવામા આવ્યા છે. સી.સી.મહેતા ઓડીટોરીયમ ખાતે મહાનુભાવોનું પ્રવચન યોજાશે.

(અનુસંધાન પાન. ૨ ઉપર)

**યુગાંતર યુવા મહોત્સવમાં...**

જેમા પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, પૂર્વ વાઇસ ચાન્સેલર લોર્ડ ભીખુ પારેખ, વી.આદિનારાયણ, ડો. લોકેશચદ્ર, મુકુલ કાનિટકર, ગેઝ દોરજી ડામ્ડુલ ગૌરાંગ દાસજી, ડો.જયપ્રકાશ નારાયણ, ડો.રાજેન્દ્રસિંઘ, બાબા સત્યનારાયણ મૌર્યનો સમાવેશ થાય છે. સવારે અને બપોરના બે સેશન દરમ્યાન ચાર થીમ પર આધારીત ચર્ચા પર વકતાઓ સંબોધન કરશ.

**December 08, 2017, Gujarat Mitra , Yugaanatar- 2018**

# 'યુગાન્તર 2018'માં જોડાવવા રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત

વડોદરા | આગામી 11, 12 અને 13મી જાન્યુઆરી દરમિયાન એમ.એસ. યુનિ.ની લીડરશીપ એન્ડ ગવર્નન્સ ઇન્સ્ટિટ્યુટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરાયું છે. જેમાં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા કરાશે. જેમાં ભારતીય સંસ્કૃતી, સભ્યતા, આધ્યાત્મિકતા, તત્વજ્ઞાન, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી, નવપરીવર્તન અને પર્યાવરણ જેવા વિષયો પર ચર્ચા કરાશે. પાર્ટિસિપેટ કરવા માગતા સ્ટુડન્ટ્સે રજિસ્ટ્રેશન કરવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન http://goo.ggl/p4KJzj પર કરાવી શકશે.

**January 05, 2018 Divya Bhaskar Yugaanatar- 2018**

# 'યુગાન્તર 2018' જાન્યુ.માં યોજાશે

વડોદરા | આગામી 11, 12 અને 13મી જાન્યુઆરી દરમિયાન એમ.એસ. યુનિ.ની લીડરશિપ એન્ડ ગવર્નન્સ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરાયું છે. જેમાં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા થશે. ભારતીય સંસ્કૃતિ, સભ્યતા, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી અને પર્યાવરણ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. યુગાન્તર 2018માં પાર્ટિસિપેટ કરવા માગતા સ્ટુડન્ટ્સે રજિસ્ટ્રેશન કરવવું જરૂરી છે. રજિસ્ટ્રેશન http://goo.ggl/p4KJzj પર કરાવી શકશે.

**January 11, 2018 Divya Bhaskar Yugaanatar- 2018**

ભારતના ટોપ એક્સપર્ટ્સ વિવિધ વિષયો પર ટોક આપશે

## યુગાંતર 2018નું ઉદ્ઘાટન પ્રણવ મુખર્જી દ્વારા કરવામાં આવશે

**Yugantar 2018**

સિટી રિપોર્ટર | વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ લિડરશીપ એન્ડ ગવર્નન્સ દ્વારા 2012ના વર્ષથી યોજવામાં આવતું યુગાન્તર 2018માં પણ યોજાવા જઈ રહ્યું છે. આગામી 11થી 13 જાન્યુઆરી દરમિયાન યુગાન્તર યોજાશે. ત્યારે પત્રકારોને તે અંગેની માહિતી આપતાં ઈન્સ્ટિટ્યુટના ખુશ બ્રહ્મભટ્ટ, યેશી દાવા તથા યુનિવર્સિટી કમ્યુનિકેશન સેલના ચિરાયુ પંડિતે જણાવ્યુ હતું કે દરેક વર્ષે યુગાન્તર વિવિધ થિમ અંતર્ગત યોજાય છે. ત્યારે આ વર્ષે યુગાન્તરની થિમ 'ભારત કા વિશ્વ કો યોગદાન' વિષય પર રાખવામાં આવી છે. જેમાં મુખ્ય ઉદ્દેશ્ય કારણ નહીં નિરાકરણ રહેશે. દેશભરના વિવિધ સ્પીકર્સ ઈવેન્ટમાં ઉપસ્થિત રહેશે. યુગાન્તરનું ઉદ્ઘાટન ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી કરશે. યુગાન્તરમાં 165 જેટલાં રજિસ્ટ્રેશન થઈ ચૂક્યા છે. હજુ 1 મહિનામાં વધુ વિદ્યાર્થીઓ જોડાશે. યુનિવર્સિટીના ચં.ચી.મહેતા ઓડિટોરીયમ ખાતે યુગાન્તરનું યોજવામાં આવશે.

**આ એક્સપર્ટ સ્પીકર આ વિષયો પર વાત કરશે**

- **વી.આદીનારાયણન** | કલ્ચર સીવીલાઈઝેશન એન્ડ હેરિટેજ પર વાત કરશે. જેઓ મૂળ કમ્પ્યુટર એન્જિનીયર છે. પરંતુ એકેડેમીશીયન અને સાથે પ્રખ્યાત ટેડક્સ સ્પિકર પણ છે.
- **ગેશી દોરજી દામદુલ** | સાયન્સ અને સ્પીરીચ્યુઆલીટી ઉપરાંત ફિલસુફી વિષયના નિષ્ણાંત અને ડોક્ટરેટ કરનાર બુધ્ધિસ્ટ છે. જેઓ ધર્મ અને તેની સાથે જોડાયેલી ફિલસુફી વિશે વાત કરશે.
- **મુકુલ કાનિટકર** | નોલેજ એન્ડ એજ્યુકેશન સિસ્ટમ ઓફ ઈન્ડિયાના નિષ્ણાંત છે. ડીસરુટેડ ભારતીય એજ્યુકેશન સિસ્ટમને ફરી પાછી લાવવા માટે સક્રિય છે, જે વિષે જ વાત કરશે.
- **જયપ્રકાશ નારાયણ** | લીડરશીપ, ગવર્નન્સ એન્ડ ડેમોક્રેસી વિષય પર વાત કરશે. તેઓ પોલીસી રીફોર્મન્સના નિષ્ણાંત છે. સાથે પૂર્વ આઈ.એ.એસ અધિકારી છે. સાથે પોતાના એક્સપિરીયન્સ શેર કરશે.
- **ડો.રાજેન્દ્રસિંહ** | વોટર મેન ઓફ ઈન્ડિયાના નામથી ઓળખાતા ડૉ.રાજેન્દ્રસિંહ પોતાના પાણી અંગેના કાર્ય માટે મેગ્સેસે એવોર્ડ પણ પ્રાપ્ત કરી ચૂક્યા છે. તેઓ પોતાનો અનુભવ શેર કરી ઈન્ટરેક્ટિવ સેશન કરશે.

**એક્ઝિબિશન યોજાશે** / યુગાન્તરમાં ત્રણ દિવસ સત્યનારાયણ મોર્યનું ભારતનું વિશ્વમાં વિવિધ પ્રકારનું યોગદાન વિષય પર પેઈન્ટિંગ્સનું એક્ઝિબિશન યોજવામાં આવશે. એક્ઝિબિશન ત્રણ દિવસ સુધી ખુલ્લું રહેશે. જેમાં ભારતના યોગદાનને પેઈન્ટિંગમાં ટાંકવામાં આવ્યું છે.

**યુવાનોને વિદેશીમાંથી સ્વદેશી બનાવવાનો આશય**

યુવાનોને વિદેશીમાંથી સ્વદેશી બનાવવાના આશય સાથે જ યુગાન્તરની શરૂઆત થઈ છે. જેથી યુગાન્તરમાં એવા જ વિષયો રહેશે જે યુવાનોને સંબોધતાં હોય અને યુવાનોને પશ્ચિમી અથવા વિદેશી વાતોથી વાળીને ભારતીય વાતોમાં લઈ જાય. યુથને રાષ્ટ્રપ્રેમી બનાવતા વિષયો પસંદ થયા છે.

**જર્નાલિઝમના સ્ટુડન્ટ્સ નાટક ભજવશે**

યુગાન્તરની થિમ 'ભારત કા વિશ્વ કો યોગદાન' વિષય પર ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશનના વિદ્યાર્થીઓ નાટક પ્રસ્તુત કરશે. આ થિમમાં ભારતનું વિશ્વને થયેલું યોગદાન ઉજાગર કરવામાં આવશે. જેમાં નાટ્યકાર પી.એસ.ચારી ડાયરેક્શન કરશે અને વિદ્યાર્થીઓ દ્વારા જ તેને ભજવાશે. આ ઉપરાંત યુગાન્તર અંતર્ગત ફેકલ્ટીના ઈતિવૃત્ત નામની લેબ જર્નલ બહાર પાડવામાં આવશે. ● નિધી તેરે, ફેકલ્ટી ઓફ જર્નાલિઝમ એન્ડ માસ કમ્યુનિકેશન.

**January 12, 2018 Divya Bhaskar Yugaanatar- 2018**

ઇન્સ્ટીટ્યુટ ઓફ લીડરશીપ અને ગવર્નન્સ દ્વારા ૧૧થી ૧૩જાન્યુ. સુધી

## મ.સ.યુનિ.માં નેશનલ યુથ કોન્ફરન્સ 'યુગાન્તર'- કારણ નહિ નિરાકરણ યોજાશે



વડોદરા, તા.૭

ઈન્સ્ટીટ્યુટ ઓફ લીડરશીપ અને ગવર્નન્સ દ્વારા મ.સ.યુનિ.ના સી.સી.મેહતા ઓડિટોરિયમમાં નેશનલ યુથ કોન્ફરન્સ યુગાન્તર-કારણ નહિ નિરાકરણનું તારીખ અગિયારથી તેર જાન્યુઆરી ૨૦૧૮ સુધી આયોજન કરવામાં આવ્યું છે.આ યુથ કોન્ફરન્સનું ઉદ્ઘાટન પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીના હસ્તેથશે.આઈએલજી અને મ.સ.યુનિ.ના સંયુક્ત ઉપક્રમે ભારતનું વિશ્વને યોગદાન વિષય પર નેશનલ યુથ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સંસ્કૃતિ, સંવર્ધન અને વારસો, આધ્યાત્મિકતા અને તત્વજ્ઞાન, જ્ઞાન અને ભણતરની પદતિ, નેતૃત્વ, શાસન અને લોકશાહી, નવીનીકરણ અને પર્યાવરણ જેવા છ અલગ અલગ વિષય ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવશે.જેમાં વક્તા તરીકે વી આદિનારાયણ, ગેશે દોરજી ડેમદુલ, મુકુલ કાનિટકર, જયપ્રકાશ નારાયણ અને રાજેન્દ્ર સિંઘ આવનાર છે. ત્રણ દિવસની આ નેશનલ કોન્ફરન્સમાં ભારતે વિશ્વને અત્યાર સુધી શુ આપ્યું છે, શુ આપી રહ્યું છે અને શુ આપી શકશે જેવા વિષય પર ૧૮ વિદ્યાર્થીઓ પેપર પ્રસ્તુત કરશે.

**December 08, 2017, Loksatta, Yugaanatar- 2018**

## 'યુગાન્તર 2018'માં જોડાવા રજિસ્ટ્રેશન જરૂરી

વડોદરા | આગામી 11,12 અને 13મી જાન્યુઆરી દરમિયાન એમ.એસ.યુનિવર્સિટીની લીડરશીપ એન્ડ ગવર્નન્સ ઈન્સ્ટિટ્યુટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરવામાં આવ્યું છે. યુગાન્તર 2018માં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા કરવામાં આવશે. જેમાં ભારતીય સંસ્કૃતી, સભ્યતા, આધ્યાત્મિકતા, તત્વજ્ઞાન, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી, નવપરીવર્તન અને પર્યાવરણ વિષયો પર ચર્ચા થશે. તેમાં જોડાવા રજિસ્ટ્રેશન જરૂરી છે.

**December 09, 2017, Divya Bhaskar,Yugaantar-2018**

## યુગાન્તર 2018માં પાર્ટિસિપેટ કરવા રજિસ્ટ્રેશન કરાવવું

સિટી રિપોર્ટર | વડોદરા

આગામી 11,12 અને 13 જાન્યુઆરી દરમિયાન MSUની લીડરશીપ એન્ડ ગવર્નન્સ ઈન્સ્ટિટ્યુટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરાયું છે. જેમાં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા કરાશે. જેમાં ભારતીય સંસ્કૃતી, સભ્યતા, આધ્યાત્મિકતા, તત્વજ્ઞાન, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી, નવપરીવર્તન અને પર્યાવરણ જેવા વિષયો પર ચર્ચા થશે. યુગાન્તરમાં પાર્ટિસિપેટ કરવા માગતા સ્ટુડન્ટ્સે રજિસ્ટ્રેશન કરવુ જરૂરી છે. રજિસ્ટ્રેશન http://goo.ggl/p4KJzj પર કરાવી શકશે.

**January 12, 2018 Divya Bhaskar Yugaanatar- 2018**

## 'યુગાન્તર 2018'માં યોજાશે વહેલી તકે રજિસ્ટ્રેશન કરાવવું

**Yugantar 2018**

સિટી રિપોર્ટર | વડોદરા

આગામી 11,12 અને 13મી જાન્યુઆરી દરમિયાન એમ.એસ. યુનિવર્સિટીની લીડરશીપ એન્ડ ગવર્નન્સ ઈન્સ્ટિટ્યુટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરવામાં આવ્યું છે. યુગાન્તર 2018માં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા કરવામાં આવશે. જેમાં ભારતીય સંસ્કૃતી, સભ્યતા, આધ્યાત્મિકતા, તત્વજ્ઞાન, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી, નવપરીવર્તન અને પર્યાવરણ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. યુગાન્તર 2018માં પાર્ટિસિપેટ કરવા માગતા સ્ટુડન્ટ્સે રજિસ્ટ્રેશન કરવવુ જરૂરી છે. યુગાન્તરની વેબસાઇટની વિઝીટ કરી તેમાં રજિસ્ટ્રેશન કરાવી શકાશે. જેમાં તમામ યુવાનો અને તમામ ઉંમરના લોકો પણ જોડાઇ શકે છે. યુગાન્તરમાં દેશભરના વિવિધ ક્ષેત્રો તથા બાબતોના એક્સપર્ટ્સ દ્વારા વિવિધ બાબતો પર ચર્ચા કરવામાં આવનાર છે.

**December 12, 2017 , Divya Bhaskar**
**Yugaantar-2018**

## 'યુગાન્તર 2018' જાન્યુ.માં યોજાશે

વડોદરા | આગામી 11,12 અને 13મી જાન્યુઆરીએ એમ.એસ. યુનિ.ની લીડરશીપ એન્ડ ગવર્નન્સ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરાયું છે. યુગાન્તર 2018માં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા કરાશે. જેમાં ભારતીય સંસ્કૃતિ, સભ્યતા, આધ્યાત્મિકતા, તત્વજ્ઞાન, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી, નવપરીવર્તન અને પર્યાવરણ જેવા વિષયો પર ચર્ચા કરાશે. પાર્ટિસિપેટ કરવા માગતા સ્ટુડન્ટ્સે રજિસ્ટ્રેશન કરવું જરૂરી છે.

**December 16, 2018 ,  Divya Bhaskar**
**Yugaanatar-2018**

## વહેલાં તે પહેલાંના ધોરણે રજિસ્ટ્રેશન

સિટી રિપોર્ટર | વડોદરા

આગામી 11,12 અને 13મી જાન્યુઆરી દરમિયાન એમ.એસ. યુનિવર્સિટીની લીડરશીપ એન્ડ ગવર્નન્સ ઈન્સ્ટિટ્યુટ દ્વારા 'યુગાન્તર 2018'નું આયોજન કરવામાં આવ્યું છે. યુગાન્તર 2018માં ભારતનું વિશ્વમાં યોગદાન વિશે ચર્ચા કરવામાં આવશે. જેમાં ભારતીય સંસ્કૃતી, સભ્યતા, આધ્યાત્મિકતા, તત્વજ્ઞાન, જ્ઞાન અને શિક્ષણ, નેતૃત્વ અને લોકશાહી, નવપરીવર્તન અને પર્યાવરણ જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવશે. યુગાન્તર 2018માં પાર્ટિસિપેટ કરવા માગતા સ્ટુડન્ટ્સે રજિસ્ટ્રેશન કરવવુ જરૂરી છે. જે વેબસાઈટ પર થઇ શકશે.

**December 21, 2017, Divya Bhaskar**
**Yugaanatar-2018**

## 11,12,13 જાન્યુઆરીએ સેમિનાર યોજાશે
## ભારતનું વિશ્વને યોગદાન વિશે નેશનલ સેમિનારનું આયોજન

**Youth Conference**

સિટી રિપોર્ટર | વડોદરા

એમ.એસ.યુના સી.સી.મહેતા ઑડિટોરિયમ ખાતે તારીખ 11,12 અને 13 જાન્યુઆરીના રોજ યુગાંતર કારણ નહિ નિરાકરણ નામની નેશનલ યુથ કોન્ફરનસનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં પ્રથમ દિવસે એટલે કે 11 જાન્યુઆરીના રોજ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રીયપતિ પ્રણવ મુખર્જી ઉદ્ઘાટન સમારોહમાં સંબોધન આપશે. જેની સાથે સાથે લોર્ડ ભીખુ પારેખ અને દિનેશ પ્રતાપ સિંહ આ ત્રણ દિવસની કોન્ફરન્સમાં ઉપસ્થિતીઓને સંબોધશે. ભારતનું વિશ્વને યોગદાન વિષય પર યોજનાર આ સેમિનારનો મુખ્ય ઉદેશ્ય હાલના યુવાનને પ્રેરિત કરવાનું છે. અને આવનારા સમયમાં ભારતનો યુવાન વિશ્વને કેવી રીતે પોતાનું યોગદાન આપી શકશે તે વિશે પણ માર્ગદર્શન આપવામાં આવશે. સમાજમાં ફેલાઈ રહેલ બદીઓને દૂર કરીને સમાજના લોકોને પથ બતાવનાર ભારતભરના 20 જેટલા અનસંગ હીરોનું સન્માન પણ યુગાન્તરમાં કરવામાં આવશે.

**December 29, 2017 , Divya Bhaska**
**Yugaanatar-2018**

## ત્રી દિવસીય નેશનલ કોન્ફરન્સ યુગાન્તરમાં દેશના ૧૮ અનસંગ હીરોનું સન્માન કરાશે

વડોદરા,૨૮

એમ.એસ.યુનિ.ના વિદ્યાર્થીઓ દ્વારા ૧૧,થી૧૩ દરમિયાન યોજાનારી ત્રિદિવસીય નેશનલ કોન્ફરન્સ યુગાન્તર-૨૦૧૮ અંતર્ગત આજે ઈન્સ્ટિટયૂટ ઓફ લિડરશીપ એન્ડ ગવર્નન્સ ખાતે પ્રેસકોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું.આ અગાઉ ૨૦૧૨માં શહેરની એમ.એસ.યુનિ.માં પ્રથમ યુગાન્તર નેશનલ કોન્ફરન્સ યોજાઈ હતી.

યુગાન્તર એટલે એક યુગથી બીજા યુગમાં જવાનું અંતર.અને એક યુગથી બીજા યુગમાં પ્રવેશતા વિશ્વને બનાવવામાં ભારતનું શું યોગદાન રહ્યું છે,તે વિશે આજના યુવાવર્ગને અવગત કરાવવા આ નેશનલ ત્રિદિવસીય નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે.અને તે અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ૬ પ્રકારના વિષયો રાખવામાં આવ્યા છે.આ એ ૬ વિષયો છે જેમાં વિશ્વને બનાવવામાં ભારતનું યોગદાન અત્યંત મહત્વનું છે.પરંતુ આજની યુવા પેઢી તેનાથી અજાણ છે.અને એ યોગદાનમાં એવાં ઘણાં અનસંગ હીરો છે,જેમને કરેલા કાર્યથી આજની યુવા પેઢી અજાણ છે.

આ ત્રિદિવસીય નેશનલ કોન્ફરન્સમાં ૬ વિવિધ વિષયો માટે દેશના ૬ વિશિષ્ટ વ્યકિતૃઓને વકતાઓ તરીકે બોલાવવામાં આવ્યાં છે.અને વિશ્વમાં ભારતના યોગદાનને અદ્વિતીય બનાવનાર ૧૮ જેટલાં અનસંગ હીરો જેમણે પોતાના યોગદાનથી ભારતને વિશ્વમાં અનેરુ સ્થાન અપાવ્યું છે.

જેઓ ઝાઝા પ્રસિદ્ધી નથી પામ્યા પરંતુ તેમના કાર્યો સરાહનીય છે.એમ.એસ.યુનિ.ના વિદ્યાર્થીઓ દ્વારા આવા ૧૮ અનસંગ હીરોને સન્માનિત કરવામાં આવશે.જેમાં અદ્વૈત દંતવટે જેમણે ભારતમાં સી.એસ.પ્રોગ્રામની શરુઆત કરી છે.

માઈક એફી જેમણે દેશની આઝાદી માટે શહીદ થયેલા ૧૨૫૦૦ સૈનિકોના પરિવારોને મદદ કરી છે.સોનાલી શ્યામસુંદર જેમણે ઉર્મિ ફાઉન્ડેશનના માધ્યમથી મુંબઈના ઘણાં ગરીબ બાળકો જે ન્યૂરોલોજિકલ ડિસએબિલિટીસથી પીડાય છે.તથા બીના રાવ જેઓ સુરતમાં ૨૦૦૬થી ગરીબ બાળકોને મફત શિક્ષા આપે છે.

યુગાન્તરમાં માત્ર એમ.એસ. યુનિ.ના વિદ્યાર્થીઓ સિવાય પણ સમગ્ર રાજયની વિવિધ યુની. તેમજ કોલેજીસના વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યાં છે.જેમાં ૩-૪ મહિના અગાઉ વિવિધ ફેકલ્ટી અને કોલેજના વિદ્યાર્થીઓ આમાં જોડાઈ રહ્યાં છે.અને અત્યાર સુધી આ કોન્ફરન્સમાં ૨૫૦-૩૦૦ જેટલાં લોકો રજિસ્ટ્રેશન કરાવી ચૂકયાં છે.અને હજુ પણ વધુમાં વધુ લોકો આમાં જોડાઈ રહ્યા છે.જેની રજિસ્ટ્રેશનની છેલ્લી તારીખ ૩૧ ડિસેમ્બર રાખવામાં આવી છે.

**December 28, 2017  , Loksatta**
**Yugaanatar-2018**

## વક્તવ્ય બાદ વક્તા સાથે સીધી વાત કરવા એપ્લિકેશન બનાવાઇ

# યુગાન્તરમાં 12 દેશોનું પાર્ટિસિપેશન, માંધાતા વક્તાઓ યૂથને સંબોધશે

**Yugantar 2018**

સિટી રિપોર્ટર | વડોદરા

કારણ નહિ નિરાકરણના સુત્ર સાથે MSUમાં બીજીવાર યોજાઈ રહેલ નેશનલ યૂથ કોન્ફન્સ યુગાન્તરમાં વિવિધ ક્ષેત્રના વિદ્વાનો ઉપસ્થિતોને સંબોધન આપશે, જેમાં 12 દેશોમાંથી 500થી વધુ લોકો ભાગ લેશે. 26 જેટલા વિદ્યાર્થીઓ પેપર પ્રસ્તુત કરશે. જેમાં બાંગ્લાદેશથી આવનાર પ્રતિભાગી આધ્યાત્મિક વિષય પર પોતાના મંતવ્ય રજૂ કરશે. ભારતમાં પ્રથમવાર યુનિ દ્વારા પ્રયોગ કરવામાં આવ્યો છે કે કોઈ પણ નેશનલ સેમિનારમાં ભાગ લેનાર પ્રતિભાગી તે કોન્ફન્સમાં આવનાર વક્તા સાથે સીધી વાત કરી શકે તે હેતુથી એપ્લિકેશન પણ બનાવવવામાં આવી છે. આ એન્ડ્રોઇડ એપ દ્વારા પ્રતિભાગીઓ કોન્ફન્સ પત્યા પછી પણ વક્તા સાથે વાત કરી શકશે તેમ કાર્યકર્તા એવા ખુશ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું.



કલરવે બનાવેલું પ્રણવ મુખર્જીનું કેરીકેચર.

### પ્રણવ મુખર્જી અને વક્તાઓના કેરિકેચર બનાવાયા

MSUની જર્નાલીઝમ ફેકલ્ટીનો વિદ્યાર્થી કલરવ જોષી યુગાન્તરના પ્રણવ મુખર્જી સહીતના તમામ વક્તાઓને મોમેન્ટો રૂપે કેરિકેચર બનાવીને આપશે. ઈવેન્ટમાં મોમેન્ટો તરીકે કેરિકેચર આપવામાં આવે તેવો આ પહેલો બનાવ હશે તેમ સભ્યોએ જણાવ્યું હતું.

### ભગતસિંગની જર્ની ઓડીઓ વર્ચ્યુઅલી દર્શાવાશે

ઓડીઓ વર્ચ્યુઅલ રિયાલિટી દ્વારા યુગાન્તરની એપ્લિકેશનમાં જલિયાવાલા બાગના હત્યાકાંડથી શરૂ થયેલ ભગતસિંગની જર્નીને બતાવવામાં આવશે. ભગતસિંગની આ જર્નીને થ્રિડી ઈફેક્ટ દ્વારા લોકોને બતાવવા પાછળનો મુખ્ય ઉદેશ્ય એ છે કે ભગતસિંગે આઝાદીની ચળવળ ચાલુ કરવા માટે કોઈનો સહારો નહોતો લીધો. ત્યાંથી એક નવા યુગનો પ્રારંભ થયો. યુવાનોમાં જોશ અને ઉત્સાહ વધારવા આ પ્રકારની ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવશે.

**January 10, 2018, Divya Bhaskar, Yugaanatar- 2018**

## નેશનલ યૂથ કોન્ફરન્સના છેલ્લા દિવસે રામ માધવનું સંબોધન

# ધેર ઇસ નો ટોલરન્સ ઈન ઇન્ડિયા, દરેકને વાત મુકવાનો અધિકાર છે



યુગાન્તરમાં મુખ્ય મહેમાન રામ માધવ સાથે યુનિ.ના બે પૂર્વ વીસી, વીસી સાથે રજિસ્ટ્રાર ઉપસ્થિત રહ્યા હતા.

**Yugantar 2018**

સિટી રિપોર્ટર | વડોદરા

દેશના દરેક વ્યક્તિને તેની વાત સમાજના દરેક નાગરિકોની સામે મુકવાનો અધિકાર છે. તેમ સુપ્રીમ કોર્ટના જજ દ્વારા કરવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સ વિષે પુછાયેલા પ્રશ્નના જવાબમાં રામ માધવે જણાવ્યુ હતું. ત્રિદિવસીય નેશનલ સેમિનાર યુગાન્તર 2018 કારણ નહિં નિરાકારણના અંતિમ દિવસે વેલેડિક્ટરી સેશનમાં રામ સહિત MSUના બે પૂર્વ વી.સી ડૉ.અનિલ કાણે અને પ્રો. યોગેશ સિંઘ પણ ઉપસ્થિત રહ્યા હતા. યુવાનોને સંબોધતા પ્રો. યોગેશ સિંઘે જણાવ્યું કે યુવાન એ છે કે જે ભવિષ્યની વાત કરે છે. યુવાન એ નથી કે જે ફક્તને ફક્ત ભૂતકાળની વાત કરે છે. માણસ પાસે જે હશે તે સામેના વ્યક્તિને આપશે તેવું યોગેશ સિંઘે ઉમેર્યું હતું. સાથે ગુડ ગવર્નન્સ માટે ઉપયોગી પુસ્તક શાસન સૂત્રનું વિમોચન કરવામાં આવ્યું હતું.



### જો તમારામાં કન્વિન્સિંગ પાવર હશે તો જ ઇનોવેશન કરવાની ક્ષમતા મળશે

જો આપનો કન્વેનસિંગ પાવર હશે તો જ ઈનોવેશન કરી શકીશુ. ઈમેજીનેશન આઈડીએશન, વેલ્યુએશન, ટેકિંગ રિસ્ક, મેકિંગ પ્રોટોટાઇપ અને કિપ અપડેટિંક જેમ જેમ થતું જશે તેમ તેમ ઈમેજીનેશન ઈનોવેશનમાં પરિવર્તિત થઈ જશે. રિસ્કની ગણતરી કરવી જોઈએ જેથી સફળ થઈ શકાય અને આપણે ઘણું કમાઈ શકીએ. જો આપણે મોબાઇલમાંથી બહાર આવીને આપણી આસપાસ થતી પ્રવૃતિઓ પર ધ્યાન આપીશુ તો ઘણું નવું ઈનોવેશન કરી શકીશુ. દેશમાં એજ્યુકેશન પદ્ધતિ અને પ્રાઈવેટ સેટેલાઈટ સેક્ટરમાં હજુ ઘણું કામ કરવાની જરૂર છે તેમ સન્ની કાબરવાલાએ જણાવ્યું હતું.

### અમે પ્રજ્ઞાચક્ષુઓને તાલીમ આપીને તેમને પગભર બનાવીએ છીએ

લગ્ન સમયે અમે સંકલ્પ લીધો હતો કે જેટલા પણ પ્રજ્ઞાચક્ષુ લોકોને સમસ્યા આવી રહી છે તેમની માટે જીવનપર્યંત કામ કરીશું. આ સંકલ્પને સાકાર કરવા માટે 1996માં અમે સુરેન્દ્રનગરમાં પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ નામની સંસ્થાની સ્થાપના કરી. આ સંસ્થાએ અત્યાર સુધી 175 દીકરીઓના લગ્ન કરાવ્યા છે. અમદાવાદમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનું નિર્માણ કર્યું છે. સુરેન્દ્રનગરમાં નોકરી કરતા 250 પ્રજ્ઞાચક્ષુ લોકોને રહેવા, ખાવા-પીવાની સુવિધા નિઃશુલ્ક પુરી પડાય છે તેમ સંસ્થાના સંચાલક મુક્તાબેન પંકજભાઈ ડગલીએ જણાવ્યું હતું.

**January 14, 2018, Divya Bhaskar Yugaanatar- 2018**

## ભારતની સુંદરતા તેના યુવાનો છે, તે વિશ્વના યુવાનોનું નેતૃત્વ કરી શકે તેવું છે

# વિશ્વામિત્રી પર રિવર ફ્રન્ટ બનશે તો તેની સુંદરતા બગડશે : વોટર મેન ઓફ ઇન્ડિયા

**Yugantar 2018**

[illegible]

### જર્નાલિઝમના વિદ્યાર્થીઓએ નાટક ભજવ્યું



[illegible]

### સ્વામી વિવેકાનંદની જેમ બધાને સાથે લઇ ચાલવું જરૂરી બન્યું છે

[illegible]

### દેશ માટે કામ કરવામાં હું રિસ્ક ફેક્ટર જોતી નથી

[illegible]

### માણસને જેન્ડરથી નહિ માણસાઈથી ઓળખો

[illegible]

**January 13, 2018, Divya Bhaskar, Yugaanatar- 2018**

# પ્રણવ મુખર્જીના વીડિયો સંબોધનથી યુગાન્તરનો પ્રારંભ

**Yugantar 2018**

સિટી રિપોર્ટર | વડોદરા

૬00થી વધુ લોકોના રજિસ્ટ્રેશન બાદ શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ઈન્સ્ટિટ્યૂટ ઓફ લિડરશીપ એન્ડ ગવર્નન્સ દ્વારા યોજાનાર યુગાન્તર-2018 ગુરુવારથી શરૂ થઈ રહ્યો છે. પ્રણવ મુખર્જી દ્વારા વિદ્યાર્થીઓને વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા સંબોધવામાં આવશે. ત્યારબાદ દેશના માંધાતા વક્તાઓ અને સમાજમાં વિશેષ પદાર્પણ કરનારા લોકો ઉપસ્થિત તમામ લોકોને વિવિધ વિષય પર સંબોધશે. જેમાં વોટરમેન ઓફ ઈન્ડિયા સહિતના લોકો આવશે. નેશનલ યૂથ કોન્ફરન્સ યુગાન્તર 11, 12 અને 13 જાન્યુઆરીએ યોજાશે જેમાં અન સંગ હિરોઝને પણ સન્માનિત કરાનાર છે. સમગ્ર આયોજન એમ.એસ.યુનિ.ના ચં.ચી મહેતા ઓડિટોરીયમ ખાતે કરાયું છે. ગુરુવારે સવારે 8 વાગ્યાથી રજિસ્ટર્ડ તમામ લોકોને એન્ટ્રી અપાશે.

**January 11, 2018, Divya Bhaskar, Yugaanatar- 2018**



city ANCHOR બુક્સ કોઇ પણ સ્ટુડન્ટ્સ લઇ શકે છે, એમ.એસ.યુનિ.માં સ્ટડી ન કરતાં હોય એવાં સ્ટુડન્ટ્સ પણ લઇ શકે છે

# અર્પણ મંદિર લાઇબ્રેરીમાંથી કોઇપણ સ્ટુડન્ટ્સ બુક મેળવી શકે છે

સિટી રિપોર્ટર @cbvadodara

### તમે પણ બુક્સ ડોનેટ કરી શકો છો

### બધાજ કોર્સની બુક્સ અવેલેબલ છે

May 23, 2018, Arpan Mandir, ILG



## જળ સંકટ ટાળવું હોય તો ખાલી શપથો ન લો

# જળ બચાવનો કાયદો ઘડો



વડોદરા | પર્યાવરણને દૂષિત કરતા લોકો પ્રેમની ભાષા સમજે તો હવે કાયદાની ભાષા શીખવવાનો સમય થયો છે. સરકારે નદી દૂષિત કરતા શહેરીજનો પર આકરા પગલાં લેવાની જરૂર છે. ચોક્કસ લોકોને કારણે જ વિશ્વામિત્રી ગટરગંગા બની છે. ખાનગી કંપનીઓ અને સોસાયટીઓમાં વસતા રહીશો ગંદુ પાણી વિશ્વામિત્રીમાં છોડી રહ્યા છે. જેને કારણે એક સમયમાં નહાવા કે અન્ય કામોમાં ઉપયોગ લેવાતી વિશ્વામિત્રી નદી આજે પ્રદૂષિત થઇ છે તેમ વોટર કન્ઝર્વેશન કરી રહેલા મનુભાઇ પટેલે જણાવ્યુ હતું.

## વોટર કન્ઝર્વેશનની સેવા કરતા મનુભાઇ સાથે યુનિ.ના વિદ્યાર્થીઓ જોડાશે

લીડરશીપ ઇન્સ્ટિ.માં વિદ્યાર્થીઓ અભિયાનમાં જોડાયા.

### વોટર રિચાર્જ સિવાય તમામ પ્રયાસ નિષ્ફળ

સોસાયટી અને ફ્લેટમાં વસતા લોકો માટે વોટર રિચાર્જિંગ ફરજિયાત શરૂ કરાવવું જોઇએ. વરસાદી પાણી જ્યારે અગાશીમાં પડે ત્યારે તેને પાઇપ દ્વારા ભૂગર્ભમાં રિચાર્જિંગ વેલમાં ઉતારી શકાય છે. તેનાથી જ જળસંચય કરી શકાય તેમ છે. ઉપરાંત તમામ સોસાયટીના ઘરોની બહાર પેવર બ્લોકની જગ્યાએ વૃક્ષો રોપવા જોઇએ. તેનાથી જ વરસાદન વધશે. તેના સિવાયના તમામ ઉપાયો નિષ્ફળ જાય તેમ અત્યારે લાગી રહ્યું છે. તેમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ દ્વારા યોજાયેલ કાર્યક્રમમાં વર્ષોથી વોટર કન્ઝર્વેશનનું કામ કરતા મનુભાઇ પટેલે જણાવ્યું હતું.

## વડોદરામાં વોટર રિચાર્જિંગ સિસ્ટમ ફરજિયાત કરવી જોઇએ : મનુભાઇ પટેલ

**Q રિચાર્જિંગ સિસ્ટમને કેવી રીતે ફરજિયાત કરવી જોઇએ?**

તાજેતરમાં હૈદરાબાદમાં રિચાર્જિંગ સિસ્ટમ ફરજિયાત કરાઇ છે. જે દરેક શહેરમાં લાગુ પાડવી જોઇએ. વરસાદી પાણીને અગાશીમાંથી પાઇપ દ્વારા જમીનમાં ઉતારવું જોઇએ. સોસાયટી અને એપાર્ટમેન્ટની આસપાસના પેવર બ્લોકને કારણે ભૂગર્ભમાં પાણી ઉતરતું બંધ થયું છે. જેથી પાણીના તળીય નીચે ગયા છે. આ સમસ્યાનો ઉકેલ જરૂરી છે.

**Q વડોદરામાં રિચાર્જ સિસ્ટમ ક્યાં છે?**

યુનિવર્સિટીમાં પણ પાણી બચાવવા વરસાદી પાણીનો સંગ્રહ કરવામાં આવ્યો છે. જેમાં પ્રથમ પ્રોજેક્ટ અંતર્ગત પોલિટેક્નિક કોલેજમાં સિસ્ટમેટીકલી કોલેજની બાજુમાં આવેલા દેરવેલને રિચાર્જ કરવામાં આવ્યો હતો. જ્યારે હોમસાયન્સ ફેકલ્ટીથી રજિસ્ટ્રાર બંગલા સુધીમાં પણ વરસાદી પાણી પહોંચાડવામાં આવ્યું છે. તે સમગ્ર કામગીરી મારા માર્ગદર્શન હેઠળ કરાઇ હતી.


**Q વડોદરામાં વૃક્ષોની કેટલી જરૂર?**

વડોદરામાં વરના અગણિત વૃક્ષો હતા. પરંતુ તેની સંખ્યા હવે નહિવત છે. પરિસ્થિત તદ્દન ઊંધી થઇ ગઇ છે. જેથી સરેરાશ વરસાદ ઘટ્યો છે અને જળસંકટ ઉભુ થઇ ગયું છે. દરેક વ્યક્તિએ પોતાના ઘરના આંગણામાં વૃક્ષોનું વાવેતર કરવું જરૂરી છે.

**Q યુવાનોને પાણી બચાવવાના અભિયાનમાં કેવી રીતે જોડવા?**

ઇન્સ્ટિટ્યૂટના વિદ્યાર્થીઓએ આજે મારા માર્ગદર્શન હેઠળ શહેર અને શહેર બહાર જળસંચયના કાર્યમાં જોડાવાનો નિર્ણય કર્યો છે. હું રિટાયર્ડ ઓફિસર છું, છતાં મારા પેન્શનમાંથી 10 ટકા પાણી અને વૃક્ષ બચાવવાના કાર્યમાં ખર્ચ કરું છું. મારા ત્રણ મિત્રો સાથે હું આદિવાસી અને શહેરના વિસ્તારોમાં કાર્યરત છું. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ મારી મદદે આવી જળસંચયના પ્રયાસો કરવાનો નિર્ણય લીધો છે. એ જ રીતે શહેરના યુવાનો જાગૃત થાય અને આવા કાર્યક્રમોમાં ભાગ લે તે જરૂરી છે.

May 25, 2018, Divya Bhaskar, Jal Bachavo



# 45 સેકન્ડનો વિવેકઆનંદ

MSUની ઇન્સ્ટિટ્યૂટ ઓફ ગવર્નન્સ એન્ડ લિડરશીપ દ્વારા ઉજવાઇ રહેલા યુગાન્તરમાં બાબા સત્યનારાયણ મૌર્ય દ્વારા સી.સી.મહેતા ઓડિટોરીયમ ખાતે ભારતનું વિશ્વને પ્રદાન વિષયને કલાત્મક રીતે રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં માત્ર 45 સેકન્ડમાં સ્વામિવિવેકાનંદ અને 55 સેકન્ડમાં શિવાજી મહારાજના સ્કેચ બનાવી વિવેકપૂર્વકનો આનંદ પ્રસરાવ્યો હતો. દેશના વીરોની ગાથા ગાઇને તેમણે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રમૂલ્યોનું સિંચન પણ કર્યું હતું.

January 12, 2018, Divya Bhaskar, Yugaantar-2018

## ઇન્સ્ટિટ્યુટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સના

# 15 વિધાર્થીઓએ ભારતના ઉપરાષ્ટ્રપતિની મુલાકાત કરી



(પ્રતિનિધિ), વડોદરા, તા.૨૦ એમ.એસ. યુનિવર્સીટી દ્વારા સંચાલિત ઈન્સ્ટિયુટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ એક વર્ષનો અભ્યાસક્રમ ના 4થી અને પાંચમી બેચના વિધાર્થીઓએ દિલ્હી ખાતે ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી એમ. વેંકૈયા નાયડુની શુભેચ્છા મુલાકાત લીધી હતી.ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સના એક વર્ષના શિક્ષણમાં વહીવટ સાથે રાજકારણની તાલીમ આપવામાં આવે છે. પોલિટિકલ અને વહીવટ સંબંધિત શિક્ષણ આપવામાં આવે છે. તેમજ આદર્શ નેતા ની કામગીરીથી માહિતગાર કરવામાં આવે છે.રાજકીય નેતૃત્વ અને શાસનમાં એક વર્ષના ડિપ્લોમાના ભૂતકાળ અને વર્તમાન વિદ્યાર્થીઓને ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સાથે મુલાકત કરવાનો તેમજ તેમની સાથે વાતચીત કરવાનો લહાવો મળ્યો હતો. ભારતના ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુ ના નિવાસ સ્થાને તેમની સાથેની મુલાકાત કરી હતી અને તેમની પાસેથી રાજકીય નેતૃત્વ અને વિશે તેમના વિચારો સહિત કાર્ય પદ્ધતિ ની જાણકારી મેળવી હતી. ઉપરાંત તેમના સત્તાવાર પ્લેટફોર્મ પર મીટિંગનું મીડિયા કવરેજ કરીને અને અમારા વિદ્યાર્થીઓ માટે પ્રેમ અને આશીર્વાદ આપીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

**September 21, 2021, DPLG Sudents Fild Visit, Divya Bhaskar**

## ઇન્ટરનેશનલ વોલેન્ટિયર ફોરમમાં ભારતમાંથી 3 વિદ્યાર્થીઓ ગયા હતા

# MSUની ILGના શ્રેય ચોક્સીએ શાંતિ અને શિક્ષણ મુદ્દે મોસ્કોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું

City Pride

સિટી રિપોર્ટર | વડોદરા

તાજેતરમાં ફ્યુચર વર્લ્ડ ટીમ સંસ્થા દ્વારા ઈન્ટરનેશનલ વોલિન્ટીયર ફોરમ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દેશ-વિદેશમાંથી 500 કરતા વધુ યુવાનેતાઓએ ભાગ લીધો હતો. આ 500 યુવાનેતાઓમાંથી ભારતમાંથી ફક્ત 3 વ્યક્તિની પસંદગી કરવામાં આવી હતી. તે 3 વ્યક્તિ પૈકી એમ.એસ. યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સમાં અભ્યાસ કરતા શ્રેય ચોક્સીની પસંદગી કરવામાં આવી હતી.



મોસ્કો ખાતે ફોરમમાં શ્રેય ચોક્સી.

આ કાર્યક્રમમાં ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા ઈન્ડિયન એજ્યુકેશન સિસ્ટમ, તેની ખામીઓ, ગુરૂકુળ સિસ્ટમ અને સ્ત્રીઓના શિક્ષણના મુદ્દા અને એજ્યુકેશનના સિસ્ટમમાં પરિવર્તનની પ્રસ્તાવના પણ મુકવામાં આવી હતી. ઉપરાંત સાંસ્કૃતિક આપ-લેની વાતોમાં વિદેશી વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ, આયુર્વેદ, યોગ, ગાંધીઆશ્રમ અને ગાંધીજીના શાંતિ-અહિંસાના વિચારોની વાત કરી હતી. સુદાન અનેઅફઘાનિસ્તાનના લોકો ગાંધીજીના મોટા અનુયાયીઓ છે અને તેઓ ગાંધીઆશ્રમની મુલાકાત પણ લીધેલી છે તે જાણવા મળ્યું હતુ. ઈન્ટરનેશનલ વોલિન્ટીયર ફોરમનો મુખ્ય ઉદેશ પીસ, એજ્યુકેશન સિસ્ટમ અને માનવ અધિકારોનો હતો.

**December 21, 2018 Divya Bhaskar, DPLG**



# ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ દ્વારા PM નરેન્દ્ર મોદીની શપથવિધિના સ્ક્રીનિંગનો કાર્યક્રમ યોજાયો

**વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થી નેતાઓ, સેનેટ-સિન્ડિકેટ મેમ્બર્સ સહિત ૫૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો**

એમ.એસ.યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સ દ્વારા આજે ન્યૂ ઈન્ડિયા ઈવનિંગ અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શપથ વિધિના સ્ક્રિનિંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફેકલ્ટીના વિદ્યાર્થી નેતાઓ, સેનેટ-સિન્ડિકેટ મેમ્બર્સ સહિત ૫૦થી વધુ લોકોએ ભાગ લીધો હતો. જેમાં જીગર ઈનામદાર અને યુનિ. પ્રોક્ટર હરિ કટારિયાએ વિદ્યાર્થીઓને સંબોધ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આઈએલજીમાં વિદ્યાર્થીઓને રાજનીતિના પાઠ ભણાવાય છે. દેશમાં શરૂ થનારી લોકસભાની નવી ટર્મમાં શપથવિધિ કાર્યક્રમથી વિદ્યાર્થીઓને સારા નેતૃત્વ માટે પ્રેરિત કરવાના હેતુસર આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**May 31, 2019, Conference**



MSUની ઇન્સ્ટિટ્યૂટ ઓફ લિડરશિપ એન્ડ ગવર્નન્સ દ્વારા ત્રિદિવસીય નેશનલ યૂથ કોન્ફરન્સ 'યુગાંતર'નું આયોજન કરવામાં આવ્યું

# ભારત લાગણીમય દેશ છે, મૂલ્યોને કારણે એક છે, મૂલ્ય વ્યવસ્થા હશે ત્યાં સુધી દેશમાં એકતા રહેશે : રામ માધવ

## પૂર્વ સેનાધ્યક્ષ જે.જે.સિંઘ અને સક્રિય યુવા રાજકારણી શ્વેતા બ્રહ્મભટ્ટે વિદ્યાર્થીઓને સંબોધ્યા

### પાર્ટીનું રાજકારણ પાર્ટીને જ નુકસાન પહોંચાડતું હોય છે : શ્વેતા બ્રહ્મભટ્ટ

### વર્ષો પહેલાં મ્યાનમારમાં સર્જિકલ સ્ટ્રાઇક કરી હતી

### ૬ ભૂલાઇ ગયેલા 'અનસંગ હિરો'નું બહુમાન કરાયું

**January 26, 2019, Divya Bhaskar, Yugaantar 2019**



શ્રીલંકામાં યોજાયેલી યૂથ કોન્ફરન્સમાં

# વડોદરાના યુવાને શ્રીલંકાના પીએમને ગાયકવાડી શાસન વિશેનું પુસ્તક માઈનોર હિન્ટસ ભેટ આપ્યું

## ભારતનું પ્રતિનિધિત્વ કરનારા ૮ યુવાઓમાં વડોદરાના ત્રણ યુવાઓનો સમાવેશ

### વાઈબ્રન્ટ સમિટમાં ભાગ લેવા આમંત્રણ આપ્યુ

**April 08, 2019, DPLG**



city ભાસ્કર

VADODARA SUNDAY, 03/02/2019

National Youth Summit

MSUની ફેકલ્ટી ઓફ લૉ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશિપ એન્ડ ગવર્નન્સના સંયુક્ત ઉપક્રમે શનિવારના રોજ બીજી નેશનલ યૂથ સમિટના આયોજનમાં મિનાક્ષી લેખીએ સંબોધન કર્યું

# મહિલાઓને સશક્તિકરણની જરૂર નથી, ઘરેલુ હિંસા સામાજિક પ્રશ્ન છે : મિનાક્ષી લેખી

## મહિલા PM મહિલાઓના પ્રશ્નોનું નિરાકરણ ન લાવ્યા

### દેશનો રાષ્ટ્રવાદ સંસ્કૃતિ પર ટકે છે

### મહિલાઓ મેડિકલ સાથે ઇજનેરીમાં પણ જોડાય તે જરૂરી

### મીડિયા જસ્ટીસના માર્ગે ચાલી રહ્યું છે

**February 03, 2019, Divya Bhaskar, Youth Summit**

# Year 2021




April 28, 2021, Preparing Youth For Leadership Roles: Best Practicesn



એમ.એસ.યુનિ.દ્વારા આયોજિત વેબિનારમાં ભૂતપૂર્વ ડીજીપીએ કહ્યું

# 'રાષ્ટ્રવાદનો મતલબ બૂમો પાડવાનો નહીં પણ લોકોની મદદ કરવાનો છે'

## ભારતની વિવિધ પરંપરા, ધર્મ અને સંસ્કૃતિનો ગર્વ હોવો જોઈએ કારણકે તે આપણી તાકાત છે

### ૩૨ વર્ષ પછી પણ વડોદરાનો દરેક ખૂણો યાદ છે

### મહારાજા સયાજીરાવનો પ્રભાવ વડોદરામાં પગ મૂકતા ખબર પડી

May 18, 2021 Budh Se Kabir Tak



# એક દિવસ દેખાવા પૂરતો યોગ કરવાથી ફાયદો નહીં થાય

### યોગથી શરીરમાં રાગ, દ્વેષ અને ક્રોધની જગ્યા જ રહેતી નથી



June 21, 2021, Importance of Yoga In Modern Education



તૃતીય વ્યાખ્યાનમાં કુલ ૨૩૦ જણે ઉત્સાહભેર ભાગ લીધો

# "વૈશ્વિક દર્શન" વિષય ઉપર ઓનલાઈન વેબિનાર યોજાયો

વિશ્વનું મૂળ, પરમાણુવાદ પર પ્રકાશ પાડ્યો હતો

24 July, 2021, वैशेषिक दर्शन एवं अन्य भारतीय दर्शन तथा वैशेषिक कीआचारमीमा



મ.સ.યુનિ.ના વિદ્યાર્થીઓ સહિત સંસ્કૃતના જાણકારો ઓન લાઈન જોડાયા

# વૈશ્વિક દર્શનના તત્વમીમાંસા તથા સપ્તપદાર્થ વિશે વેબિનાર યોજાયો

**દિલ્હીની** સ્ટીફન કોલેજના સંસ્કૃત વિભાગના એસોશિયેટ પ્રો.પંકજ મિશ્રાએ વ્યાખ્યાન આપ્યું

(પ્રતિનિધિ), વડોદરા, તા.18,

મ.સ.યુનિ. ઓફ બરોડાના સેન્ટર ફોર થીઓલોજિકલ સ્ટડીઝ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ દ્વારા વૈશ્વિક દર્શન કી તત્વ મીમાંસા એવમ સપ્તપદાર્થ વિષય પર ઓન લાઈન વ્યાખ્યાન માળા યોજવામાં આવી હતી. યોજાયેલા વ્યાખાન માળા અંતર્ગત ૧૭ જુલાઈમી જુલાઈના રોજ દિલ્હીની સ્ટીફન કોલેજના સંસ્કૃત વિભાગના એસોશિયેટ પ્રો. પંકજ મિશ્રા વૈશ્વિક દર્શન વિષક પર વ્યાખ્યાન આપ્યું હતું.સેન્ટર ફોર થીઓલોજીકલ સ્ટડીઝ, ઈન્સ્ટિટ્યુટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા દ્વારા વૈશેષિક દર્શનના વિષય ઉપર વ્યાખ્યાનમાળા યોજાઈ હતી.

આ દ્વિતીય વ્યાખ્યાનમાળામાં મુખ્ય વક્તા પ્રોફેસર પંકજ મિશ્રાએ વૈશ્વિક દર્શનના તત્વમીમાંસા તથા સપ્તપદાર્થ ઉપર સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન માળાના દ્વિતીય વ્યાખ્યાનમાં ૨૩૦ જણાએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વ્યાખ્યાનનું જીવંત પ્રસારણ યુનિ.ની ઓફિશિયલ ફેસબુક પેજ પર નિહાળ્યું હતું.

**July 17, 2021,** *वैशेषिकदर्शनः वैशेषिक दर्शन की तत्त्वमी मांसाएवं सप्तपदार्थ*